શહેરમાં વર્કીંગ વુમન દ્વારા સિક્કિમથી દાર્જલિંગની સોલો ટ્રીપ

દરેક મહિલાને સ્વતંત્ર રહેવાનો સંદેશ આપતી શહેરની વર્કીંગ વુમન : પોતાના બાળકો સાથે ૯ દિનવસની ટ્રીપ સફળતાપૂર્વક કરી

ગાંધીનગર, તા. ૭

શહેરની બે વર્કીંગ વુમન દ્વારા ઈન્ડીપેન્ડેન્ટ મહિલાઓનું એક સુંદર ઉદાહરણ પુરૂ પાડવામાં આવ્યું છે. ગીફ્ટસીટી ખાતે નોકરી કરતી આ બે વર્કીંગ વુમન પોતાના વ્યસ્ત જીવનને બાજુ પર મુકીને પોતાના બાળકો સાથે સિક્કિમ-દાર્જીલિંગની ૯ દિવસની સોલો ટ્રીપમાં ગયા હતા અને કોઈ પણ મુશ્કેલી વગર સફળતાપૂર્વક પરત ફર્યા છે.

કહેવાય છે કે મહિલાની પુરૂષની જરૂર પડે છે. પુરૂષ વગર મહિલાઓ કાંઈ કરી ન શકે તેવી પણ ગેરમાન્યતાઓ રહેલી છે. ત્યારે આ બે મહિલાઓ પોતાના નાના બાળકો સાથે એક સપ્તાહ કરતા પણ વધારે દિવસ સુધી સિક્કિમ-દાર્જિલિંગની સફર કરી આવી છે. જે મહિલાઓ માટે એક સુંદર સકારાત્મક રીતે લઈ શકાય તેવુ ઉદાહણ કહી શકાય. આ વર્તમાન યુગમાં મહિલાઓને દરેક ક્ષેત્રમાં આગળ વધતી જોઈ શકીએ છીએ. રમતગમત હોય, શિક્ષણ ક્ષેત્રે કે અંતરિક્ષમાં મહિલાઓ દરેક ક્ષેત્રે ઉત્તરોત્તર પ્રગતિ હાંસિલ કરે છે.

સતત બે વર્ષ કોરોના મહામારીના કારણે નાના બાળકો પણ મોબાઈલની દુનિયામાં વ્યસ્ત બની ગયેલા જોવા મળ્યા જેમાં માતા-પિતા પાસે પણ કોઈ વિકલ્પ નહોતો. કારણ કે બાળકોનું શિક્ષણકાર્ય ઓનલાઈન થઈ ગયું હતું. આ બધી માયાજાળમાંથી બાળકોને બહારની દુનિયામાં લઈ જવા માટે આ બંનેને વર્કીંગ વુમન દ્વારા આ ટ્રીમનું સુંદર પ્લાનિંગ કરવામાં આવ્યું હતું. એપ્રિલ માસમાં અહીંયા ગરમીનો પારો વધી રહ્યો છે ત્યારે સિક્કિમ અને દાર્જિલિંગમાં બરફના ઠંડા પ્રદેશોની સફર કરી બાલકો પણ ખૂબ ખુશ થઈ ગયા હતા.

ધરતી રાહુલ મહેતા અને દિપાલી જયદીપ વસંત બંને વર્કીંગ વુમન દ્વારા શહેરની ગૃહિણીઓ તથા દરેક મહિલાઓને સુંદર સંદેશો આપવામાં આવ્યો છે કે મહિલાઓએ કોઈના પર ડીપેન્ડેન્ટ ન રહી આપ મેળે પોતાના નિર્ણયો લેવા જોઈએ અને સ્વતંત્ર રહેવું જોઈએ.

ધરતી મહેતાના જણાવ્યા મુજબ સિક્કિમ-દાર્જિલિંગની ટ્રીપમાં તેમને કોઈ પણ મુશ્કેલીઓ નડી નહોતી. તમામ સ્થળ ઉપર તેમને યોગ્ય સવલત મળી રહેતી હતી. કેબ વાળાથી લઈ હોટલનાસ્ટાફ સુધી તમામ નાગરિકો સારી વર્તણૂંકવાળા હતા. જેમ ગુજરાતમાં સેફ ઝોન લાગે છે તેમ જ ત્યાં અનુભવ્યુ હતુ. અને સોલો ટ્રીપ માણી હતી.

ઢોર નિયંત્રણ કાયદાનો અમલ મોકૂફ રાખવા મુખ્યમંત્રીની ખાતરી

વિધાનસભામાં પસાર ઢોર નિયંત્રણ કાયદાનો વિરોધ : જ્યાં સુધી માલધારી સમાજના પ્રશ્નોનો ઉકેલ ના આવે ત્યાં સુધી આ કાયદાને અમલમાં મૂકવામાં નહીં આવે : મુખ્યમંત્રી

અમદાવાદ, તા.૭

થોડા દિવસો પહેલા જ વિધાનસભામાં પસાર કરાયેલા ઢોર નિયંત્રણ કાયદાનો અમલ મોકૂફ રાખવાની સીએમ ભૂપેન્દ્ર પટેલે માલધારીઓને ખાતરી આપી છે. ટીવી રિપોર્ટ્સ અનુસાર, આજે માલધારી સમાજના આગેવાનો સાથેની બેઠકમાં મુખ્યમંત્રીએ આશ્વાસન આપ્યું હતું કે જ્યાં સુધી માલધારી સમાજના પ્રશ્નોનો ઉકેલ ના આવે ત્યાં સુધી આ કાયદાને અમલમાં મૂકવામાં નહીં આવે. ગુજરાત ભાજપના પ્રમુખ સી.આર. પાટીલે પણ માલધારી આગેવાનો સાથે સોમવારે બેઠક કરી તેમને ખાતરી આપી હતી કે તેઓ સરકારને કાયદા પર ફેરવિચારણા કરવા માટે વિનંતી કરશે. ગુજરાત હાઈકોર્ટના નિર્દેશ બાદ સરકારે વિધાનસભામાં બિલ પસાર કરીને ઢોર નિયંત્રણ કાયદો બનાવ્યો હતો. જેના અંતર્ગત શહેરી વિસ્તારોમાં ઢોર રાખનારાઓને માટે લાઈસન્સ લેવું તેમજ પ્રાણીઓને ટેગ કરાવવું ફરજિયાત બનાવાયું હતું. જે વ્યક્તિ આ કાયદાનો ભંગ કરે તેને જેલની સજા કરવાની જોગવાઈ પણ કાયદામાં કરવામાં આવી હતી. જોકે, તેની સામે માલધારીઓમાં રોષ ફાટી નીકળ્યો હતો. જેના અનુસંધાને સી.આર. પાટીલ સમક્ષ રજૂઆતો કરવામાં આવી હતી.

માલધારીઓએ રાજ્યભરમાં આ કાયદાનો જોરદાર વિરોધ પણ કર્યો હતો, અને રેલીઓ પણ કાઢી હતી. એટલું જ નહીં, ઘણા જિલ્લામાં સ્થાનિક તંત્રને આવેદન પત્ર સોંપીને કાયદાને પડતો મૂકવાની માગ પણ કરવામાં આવ હતી. એક તરફ રાજ્યમાં રસ્તા પર રખડતા ઢોરને કારણે તાજેતરનાદિવસોમાં જ ગંભીર અકસ્માતો થયા છે, ત્યારે સરકારે પસાર કરેલા આ કાયદા હેઠળ ૮ મહાનગરો અને ૧૫૬ નાના શહેરોને આવરી લેવાયા હતા. આ તમામ શહેરોમાં ઢોર રાખવા માટે લાઈસન્સ ફરજિયાત બનાવાયું હતું, અને લાઈસન્સ મળ્યાના ૧૫ દિવસમાં ઢોરને ટેગ લગાવવાનું પણ ફરજિયાત હતું. કાયદાના ભંગ બદલ ૧ વર્ષ સુધીની જેલ અને ૧૦ હજાર રુપિયાનો દંડ અથવા બંનેની જોગવાઈ પણ હતી.

જિલ્લાના બાગાયતદાર ખેડૂતો વિવિધ સહાયલક્ષી

યોજનાઓનો લાભ લેવા ૩૦મી સુધીમાં ઓનલાઈન અરજી કરી શકશે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લા બાગાયત ખેડૂતોને વર્ષ-૨૦૨૨-૨૩ માટે બાગાયત ખાતા દ્વારા ચાલતી વિવિધ સહાયલક્ષી યોજનાઓ માટે તા. ૩૦મી એપ્રિલ-૨૦૨૨ સુધીમાં સુધી i-khedut portal ખુલ્લુ મુકવામાં આવ્યું છે.

આ અંગે નાયબ બાગાયત અધિકારીએ જણાવ્યું છે કે બાગાયત ખાતા દ્વારા બાગાયતની ખેતી કરતા ખેડૂતોને જેવી કે શાકભાજી હાઈબ્રીડ બીયારણ, પ્લાસ્ટીક આવરણ (મલ્ચીંગ), ટ્રેક્ટર (20 HP સુધી), પપૈયા, ટ્રેક્ટર માઉન્ટેડ સ્પ્રેયર, છુટા ફુલ વવેતર, ફળપાકોના વાવેતર, ડ્રેગન ફુટના વાવેતર, વેલાવાળા શાકભાજીના કાચા/અર્ધપાકા/પાકા મંડપ, ડ્રીપ ઈરીગેશન માટે પાણી સંગ્રહના ટાંકા, પ્લગ નર્સરી, બાગાયતી પાકોમાં વૉટર સોલ્યુબલ ખાતર, ઔષધિય/સુગંધિત પાકોના વાવેતર, કોલ્ડ ચેઈન મેનેજમેન્ટ કાર્યક્રમ, ટીસ્યુકલ્ચર ખારેકની ખેતી, ગ્રીન હાઉસ, બાગાયતી પેદાશની પોસ્ટ હાર્વેસ્ટ મેનેજમેન્ટ અંતર્ગત પેકીંગ મટેરીયલ, સરગવાની ખેતી વગેરેમાં સહાય આપવામાં આવે છે. આ સહાય માટે તા. ૩૦ એપ્રીલ ૨૦૨૨ સુધી i-khedut portal ખુલ્લુ મુકવામાં આવ્યું છે.

જિલ્લાના બાગાયત યોજનાઓનો લાભ લેવા માંગતા ખેડુતોએ i-khedut portal (website : ikhedut.gujarat.gov.in) માં સમય મર્યાદામાં પોતાના ગામના ઈ-ગ્રામ સેન્ટર કે કોઈ ખાનગી ઈન્ટરનેટ પરથી ૭/૧૨ તથા ૮-અ ની નકલ, આધાર કાર્ડની નકલ અને બેંક ખાતાની વિગત સાથે લઈ જઈને લાભ લેવા સમયસર અરજી કરવાની રહેશે. અરજી કર્યા બાદ અરજીની પ્રિન્ટઆઉટ અને સાથે જણાવેલ જરૂરી સાધનીક કાગળો દિન-૭ માં નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી, પાંચમો માળ, સહયોગ સંકુલ, સેકટર-૧૧, ગાંધીનગર ખાતે અચુક જમા કરાવવાની રેહશે. ઉક્ત અરજી કચેરીમાં મળ્યા બાદ જ અરજી અંતર્ગત આગળની ઘટતી કાર્યવાહી કરવામાં આવશે.

નીફટ ગાંધીનગર ખાતે આવતીકાલથી બે દિવસ માટે "શિલ્પ મેળા-૨૦૨૨" યોજાશે

ગુજરાતની વિવિધ હસ્તકલાઓના આશરે ૨૦ જેટલા કારીગરો પોતે બનાવેલા ઉત્પાદનોનું વેચાણ કરશે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર ખાતેની નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ફેશન ટેક્નૉલોજી - નીફટ દ્વારા આગામી તા. ૯ અને ૧૦ એપ્રિલ દરમ્યાન "શિલ્પ મેળા - ૨૦૨૨"નું આયોજન કરવામાં આવ્યું છે જેમાં હાથશાળ તથા હસ્તકલા દ્વારા બનાવેલા ઉત્પાદનોના પ્રદર્શન તથા વેચાણ કરવામાં આવશે. આ પ્રદર્શન નીફટ ગાંધીનગર ખાતે યોજાશે.

નીફટ હંમેશા વિવિધ હસ્તકલાઓને જીવંત રાખવા માટે તથા તેને માર્કેટ અનુરૂપ ઓપ આપવા તરફ સતત કાર્યરત રહે છે. શનિવાર તથા રવિવારના રોજ યોજાનારા પ્રદર્શનમાં નીફટ સાથે જોડાયેલા આશરે ૨૦ જેટલા કારીગરો પોતે બનાવેલા ઉત્પાદનોનું વેચાણ કરશે જેમાં ગુજરાત રાજ્યની અલગ અલગ કલાઓ જેમ કે કચ્છનું અજરખ છાપકામ, રબારી ભરતકામ, શાલ વણાટ, સૂફ ભરતકામ, અમદાવાદનું મોતી ભરતકામ, માતાની પછેડી, પેપર મેશે, કઠપુતળી કલા તથા બ્લોક પ્રિન્ટીંગ, પેથાપુરની પ્રિન્ટિંગ બ્લોક બનાવવાની કલા, સુરેન્દ્રનગરના ટાંગલીયા, રાજકોટના પટોળા, ખંભાતની અકીક રત્નોની બનાવટો, ઈડરના લાકડાના રમકડાં તથા ભાસરિયાના વણાટકામનો સમાવેશ થાય છે. કારીગરોને પ્લેટફોર્મ પૂરું પાડવાના હેતુથી યોજાનાર આ પ્રદર્શન, કારીગરોને ગ્રાહકો સાથે જોડાવાની તક પૂરી પાડશે તથા ગ્રાહકોને ઉત્તમ ગુણવત્તાના ઉત્પાદનો, સીધા કારીગરો પાસેથી ખરીદવાની તક સાંપડશે. નીફટ ગાંધીનગર આ પ્રદર્શન જાહેર જનતા માટે બે દિવસ ખુલ્લું રાખશે. અત્રે ઉલ્લેખનીય છે કે નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ફેશન ટેક્નૉલોજી (નીફટ), વસ્ત્ર મંત્રાલય, ભારત સરકાર અંતર્ગત કાર્યરત આંતરરાષ્ટ્રીય કક્ષાની શૈક્ષણિક સંસ્થા છે. નીફટમાં ડેવલપમેન્ટ કમિશનર હેન્ડલુમ અને હેન્ડીક્રાફ્ટ દ્વારા પ્રાયોજિત "ક્રાફ્ટ ક્લસ્ટર ઈનીસીએટીવ" અંતર્ગત ડિઝાઈન, ટેક્નૉલોજી અને મેનેજમેન્ટના વિદ્યાર્થીઓ દરેક સેમેસ્ટરમાં પ્રાધ્યાપકોના માર્ગદર્શન હેઠળ વિવિધ વિષયો અંતર્ગત હસ્તકલા સાથે જોડાયેલા રહે છે. આ ઉપરાંત નીફટના પ્રાધ્યાપકો પણ અલગ અલગ સંસ્થાઓના પ્રોજેક્ટ અંતર્ગત સ્કીલ અપગ્રેડેશન તથા ડિઝાઈન ઈન્ટરવેન્શનમાં સતત કાર્યરત રહે છે.

વિશ્વ પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજીમાં શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ આવતીકાલથી આરંભાશે

ગાંધીનગર, તા. ૭

વિશ્વ પ્રસિદ્ધ યાત્રાધામ આદ્યશક્તિ પીઠ અંબાજીમાં ચૈત્રી નવરાત્રિના પાવન પર્વ દરમ્યાન તા. ૮ થી ૧૦ એપ્રિલના દિવસોએ શ્રી ૫૧ શક્તિ પીઠ પરિક્રમા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જૂનાગઢ ગિરનારની લીલી પરિક્રમાની પરિપાટીએ આ શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમાનું આયોજન અંબાજી ખાતે રાજ્ય સરકાર, પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ તથા શ્રી આરાસુરી અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના ઉપક્રમે કરવામાં આવ્યું છે. આદ્યશક્તિ ધામના દર્શને આવનારા લાખો શ્રદ્ધાળુઓને હવે એક જ સ્થળે એક સાથે ૫૧ શક્તિપીઠના દર્શનનો લાભ મળતો થશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આ પરિક્રમાના પ્રારંભ અવસરે આવતીકાલ શુક્રવાર તા.૮ એપ્રિલે સાંજે અંબાજી ધામ પહોચીને આદ્યશક્તિ અંબાના પૂજન-અર્ચન કરશે. ભૂપેન્દ્ર પટેલ અંબાજી ગબ્બર ખાતે રૂ. ૧૩.૩૫ કરોડના ખર્ચે નવનિર્મિત લાઈટ એન્ડ સાઉન્ડ શૉ નું લોકાર્પણ કરશે. મુખ્યમંત્રી કોટેશ્વર મહાદેવ મંદિર ખાતે રૂ. ૩ કરોડના ખર્ચે નિર્માણ થનારા રિનોવેશન કાર્યો અને યાત્રી સુવિધાઓનું નિરીક્ષણ કરશે.

તેઓ ગબ્બર ખાતેના સાંસ્કૃતિક વિલેજનું ઉદઘાટન અને અંબાજી મંદિરની અદ્યતન વેબસાઈટનું લોન્ચીંગ પણ કરશે. ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા વિકસાવાયેલી મોબાઈલ એપ પણ મુખ્યમંત્રીના હસ્તે લોંન્ચ કરવામાં આવશે.

સિવિલમાં તાત્કાલિક વિભાગ પાસે ગટર ઉભરાતા સ્ટાફ-દર્દીઓ ત્રાહીમામ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં એક સાંધો ત્યાં તેર તુટે તેવી સ્થિતિ છે. સિવિલમાં સમસ્યાઓ સમવાનું નામ લેતી નથી. ત્યારે સિવિલના તાત્કાલિક વિભાગ પાસે જ ભર ઉનાળે ચોમાસા જેવી સ્થિતિ સર્જાઈ છે. ગટરના ગંદા પાણી માર્ગો પર ફરી વળતા દુર્ગંદથી સ્ટાફના કર્મચારીઓ તેમજ દર્દીઓ ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા. ઈમરજન્સી પાસે ગંદુ પાણી ભરાઈ જતા નાગરીકોએ ફરજીયાત તેમાં પસાર થઈને સિવિલમાં આવવુ પડ્યું હતું. ત્યારે ગટરના ઉભરાતા ગંદા પાણી તાત્કાલિક બંધ થાય તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

સિવિલમાં સિક્યુરીટી જવાનો દ્વારા સ્વચ્છતાના શપથ લીધા

ગાંધીનગર જિલ્લા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત આજે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે ફરજ બજાવતા સિક્યુરીટી જવાનોને સ્ટાફ દ્વારા સ્વચ્છતાના શપથ લેવડાવ્યા હતા. આ પ્રસંગે સિક્યુરીટી જવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

પ્રથમ ભારતીય અવકાશયાત્રી રાકેશ શર્મા સાથે લાઈવ ઈન્ટરેકશન સેશન યોજાયું

રાકેશ શર્માએ અંતરિક્ષ સફર વિશે રસપ્રદ અનુભવો જણાવ્યા : શિક્ષણ મંત્રી જીતુભાઈ વાઘાણી વર્ચ્યુઅલી ઉપસ્થિત રહ્યાં

ગાંધીનગર, તા.૦૭

ઈસરો-સેક દ્વારા ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલૉજી-ગુજકોસ્ટ અને ગુજરાત સાયન્સ સિટીના સંયુક્ત ઉપક્રમે ભારતના હ્યુમન સ્પેસફ્લાઈટ પ્રોગ્રામ - ગગનયાન વિશે જાગૃતિ ફેલાવવાના ઉદ્દેશથી તા.૩થી ૯ એપ્રિલ દરમિયાન યોજવામાં આવેલા સાયન્સ આઉટરીચ પ્રોગ્રામના ભાગ રૂપે આજે તા.૭મી એપ્રિલના રોજ પ્રથમ ભારતીય અવકાશયાત્રી વિંગ કમાન્ડર રાકેશ શર્મા સાથે લાઈવ ઈંટરેકશન સેશન યોજાયું હતું. આ કાર્યક્રમમાં ગુજરાત સરકારના શિક્ષણ, વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગના મંત્રી જીતુભાઈ વાઘાણી વર્ચ્યુઅલી જોડાયા હતા.

ગુજકોસ્ટના એડ્વાઈઝર નરોત્તમ સાહુ, "સેક"ના ડાયરેક્ટર નિલેષ એમ દેસાઈ, સાયન્સ સિટીના સભ્યો, વિદ્યાર્થીઓ સહિત બહોળી સંખ્યામાં લોકોસાયન્સ સિટી ખાતે આ કાર્યક્રમમાં જોડાયા હતા. કાર્યક્રમની શરૂઆતમાં યુજી/પીજીના વિદ્યાર્થીઓ દ્વારા સ્પેસ કોલોનાઈઝેશન પર પ્રેઝન્ટેશન રજૂ કરાયાં હતાં. પ્રથમ ભારતીય અવકાશયાત્રી રાકેશ શર્માએ પોતાની અંતરિક્ષ સફર વિશે રસપ્રદ વાતો જણાવી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. રાજ્યના શિક્ષણ મંત્રી જીતુભાઈ વાઘાણીએ ઓનલાઈન માધ્યમ દ્વારા આ લાઈવ સેશનમાં ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓ અને ભાગ લેનારાઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું તેમજ તેમણે મહત્વના. અવકાશ વિજ્ઞાન ક્ષેત્રમાં યુવાપેઢીને પ્રોત્સાહિત કરવા સરકારની કટિબદ્ધતા જણાવી હતી અને દેશના સર્વાંગી વિકાસની દિશામાં ગગનયાન મિશનને એક મહત્વનું પગલું ગણાવ્યું હતું.

"સેક"ના ડાયરેક્ટર નિલેષ દેસાઈએ ગગનયાન મિશન વિશે જાણકારી આપતા ઈસરોની ભૂમિકા અને ભારતમાટે આ પ્રોગ્રામના મહત્વ વિશે જણાવ્યુ હતું.

ગુજકોસ્ટના એડ્વાઈઝર નરોત્તમ સાહુએ હ્યુમન સ્પેસ ફ્લાઈટ પ્રોગ્રામ વિશે જાણકારી આપી તે અંતર્ગત આયોજિત સાયન્સ આઉટરિચ પ્રોગામમાં ભાગ લઈ રહેલ વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા.

ગગનયાન કાર્યક્રમ ઈસરોનું સ્વદેશી મિશન છે, જે ભારતીય અવકાશયાત્રીઓને અંતરિક્ષમાં લઈ જશે. આ ભારતીય ક્રૂ સાથેનું ઓર્બિટલ સ્પેસક્રાફ્ટ છે જે ભારતીય હ્યુમન સ્પેસફ્લાઈટ પ્રોગ્રામના ભાગરૂપે, ૨૦૨૩ સુધીમાં બે અવકાશયાત્રીઓને અંતરિક્ષામાં મોકલશે. આ કાર્યક્રમ ભારતને માનવ સ્પેસફ્લાઈટ મિશન શરૂ કરનાર વિશ્વનું ચોથું રાષ્ટ્ર બનાવશે. સ્પેસ ટેક્નોલોજીના સદર્ભમાં માનવસહિત અવકાશ કાર્યક્રમ એ ભારત માટે મહત્વનુ પગલું છે. ગગનયાન ની સફળતા ભારતને અવકાશ મહાસત્તાઓની ચુનંદા ક્લબમાં મૂકશે.

અત્રે ઉલ્લેખનીય છે કે તા.૩જી એપ્રિલ ૧૯૮૪માં વિંગ કમાન્ડર રાકેશ શર્મા અવકાશમાં જનાર પ્રથમ ભારતીય બન્યા હતા. તેમણે ૭ દિવસ, ૨૧ કલાક અને ૪૦ મિનિટનો સમય "સાલ્યૂત-૭" સ્પેસ સ્ટેશન પર ગાળ્યો હતો. આ મહત્વની ઘટનાને યાદ કરતાં આજે સાયન્સ આઉટરિચ પ્રોગ્રામના ભાગ રૂપે રાકેશ શર્મા સાથે લાઈવ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું.

"રામનવમી"થી માધવપુર ઘેડ ખાતે પંચ દિવસીય લોકમેળાનો ભવ્ય શુભારંભ

"એક ભારત-શ્રેષ્ઠ ભારત"ને સાર્થક કરતો અનોખો ઉત્સવ એટલે "માધવપુર ઘેડ"નો મેળો

ગાંધીનગર, તા. ૭

સૌરાષ્ટ્રના દરિયાકાંઠે પોરબંદર નજીક માધવપુર ઘેડ ખાતે વર્ષોથી ભગવાનશ્રી કૃષ્ણના વિવાહ પર્વ પ્રસંગે પરંપરાગત મેળો યોજાય છે. આ વર્ષે પણ આગામી તા.૧૦ એપ્રિલે "રામનવમી"થી માધવપુર ઘેડ ખાતે પંચ દિવસીય લોકમેળાનો ભારતના રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદની ઉપસ્થિતિમાં ભવ્ય શુભારંભ કરવામાં આવશે.

ચૈત્ર માસની રામનવમી તા.૧૦મી એપ્રિલથી તા.૧૪ એપ્રિલ સુધી પાંચ દિવસ માટે માધવપુર ખાતે લોક મેળાનું આયોજન કરાયુ છે. જેમાં કેન્દ્ર અને રાજ્ય સરકારના સહયોગથી એક ભારત, શ્રેષ્ઠ ભારત અને આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત રાષ્ટ્રીય એકતાને ઉજાગર કરતા આ મેળામાં ભારતના રાષ્ટ્રપતિશ્રી ઉપરાંત ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, નોર્થ-ઈસ્ટ રાજયોના રાજ્યપાલશ્રીઓ, મુખ્યમંત્રીઓ, સહિત મહાનુભાવો, પદાધિકારીઓ, અધિકારીઓ તથા નામાંકિત કલાકારો પણ મેળામાં ઉપસ્થિત રહી મેળાની શોભા વધારશે.

પોરબંદર જિલ્લામાં આવેલુ માધવપુર ભગવાન શ્રીકૃષ્ણ સાથે જોડાયેલુ ઐતિહાસિક સ્થળ છે. શ્રીકૃષ્ણ-રૂકમણીના પવિત્ર લગ્ન બંધનનું સાક્ષી રહેલા આ સ્થળે આવતા યાત્રીકો ધન્યતા અનુભવતા હોય છે. શ્રીકૃષ્ણની યાત્રા અને એમના જીવનમાંથી એક ભારતની પ્રેરણા મળે છે. તેમની પ્રેરણા માધવપુરના માંડવે અનુભવાય છે. રૂકમણી સાથે કૃષ્ણનો મિલાપ એ પશ્ચિમ અને ઉત્તર-પૂર્વના રાજ્યોને જોડવાનો અનેરો પ્રસંગ છે.

ગરમી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અસલ મિજાજ દેખાડી દીધો હતો. માર્ચ મહીનામાં જ ગરમીનો પારો ૪૦ ડીગ્રીને અડી ગયો હતો જયારે સમગ્ર દેશમાં પણ ગરમીની દ્રષ્ટીએ સદીમાં અત્યાર સુધી માર્ચ અંતની સ્થિતિએ સૌથી વધુ ગરમી પડી હોવાનુ પણ સ્પષ્ટ થયુ છે. ત્યારે ગરમીના આગળના દિવસો પણ વધુ કપરા હોવાનો અણસાર આવી ગયો છે. હવામાન નિષ્ણાંતોના મતે આગામી દિવસોમાં હજુ ગરમી વિકરાળ સ્વરૂપ ધારણ કરશે. જો કે ૪૩ ડીગ્રી તાપમાન પહોંચી જતા હાલ અબોલ પશુ પક્ષીઓ તેમજ સિનિયર સિટીઝન્સ તેમજ બાળકો આકરી ગરમીથી વિશેષ પ્રભાવિત છે. તબીબોએ પણ ગરમીની અસરથી બચવા માટે વધુ પાણી પીવા માટે સલાહ આપી છે. જયારે લું ની અસરથી બચવા માટે પણ કામ સિવાય ઘરની બહાર ન નિકળવા માટે જણાંવ્યુ છે.

ઓનલાઈન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૨૬ હજાર જોડાણકર્તાઓ પાસેથી વેરો વસુલવા માટે દર ફેબ્રુઆરી મહીનામાં બિલ વિતરણ કરી દેવામાં આવે છે. જયારે માર્ચ મહીનામાં વળતરના લાભ સાથે વેરા સ્વીકારવામાં આવે છે. પરંતુ છેલ્લા બે વર્ષના અંતે પણ વેરા વસુલાતની કામગીરી હજુ સુધી ઓનલાઈન થઈ શકી નથી જેના લીધે વેરા વસુલાત ક્ષેત્રે નબળુ ચિત્ર ઉપસી આવ્યુ હોવાન પણ મનાઈ રહ્યુ છે. ઓનલાઈન વેરો સ્વીકારવામાં આવશે ત્યારે વેરાની વસુલાતનો આંકડો પણ ઉંચો આવશે. જયારે પાણી ગટર વેરાની વસુલાતની કામગીરી પણ આગામી બે વર્ષમાં મહાનગરપાલિકાના શીરે જતી રહેશે. શહેરમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે નવી લાઈન નાંખવાનુ કામ પણ ચાલી રહ્યુ છે. ત્યારે મીટર પધ્ધતિનો પણ અમલ શરૂ કરી દેવાશે. ત્યારે વેરા વસુલાતની ઓનલાઈન પ્રક્રીયા કોર્પોરેશન માટે પણ ઉપયોગી થશે. પાણી ગટર વેરાની ઓનલાઈન વસુલાત માટે સોફટવેર તૈયાર કરી દેવાયુ છે. જયારે આ મુદ્દો પેમેન્ટ ગેટ વે સુધી પહોંચી ગયો છે. જયારે આગામી દિવસોમાં બેંકો નિયત થઈ ગયા બાદ આ એપ્લીકેશન પણ કાર્યરત થઈ જતા નગરજનોને પણ વેરો ચુકવવામાં સરળતા રહેશે.

ભાવ વધારો

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભાવે વેચાઈ રહ્યો છે. યુપીના મુઝફ્ફરનગર, મેરઠ અને શામલીમાં સીએનજી ૭૬.૩૪ રૂપિયામાં વેચાઈ રહ્યો છે. ગુરુગ્રામમાં સીએનજીની કિંમત આજે ૭૭.૪૪ રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ છે. જ્યારે, રેવાડીમાં આજે સીએનજી ૭૯.૫૭ રૂપિયામાં ઉપલબ્ધ છે. માત્ર, કરનાલ અને કૈથલમાં આજથી સીએનજી ૭૭.૭૭ રૂપિયા પ્રતિ કિલોના દરે વેચાઈ રહ્યો છે.

ટૂકડી તૈનાત

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગોરખનાથ મંદિરના મેન ગેટ સુધી કોઈ પણ ગાડીના પ્રવેશ પર સંપૂર્ણપણે રોક લગાવી દેવામાં આવી છે. ગાડીઓનું પણ ચેકિંગ કરાવવામાં આવી રહ્યું છે. શંકાસ્પદ લાગતા દરેક વ્યક્તિ પર તેનું ઓળખપત્ર માગવામાં આવી રહ્યું છે.

દુષ્કાળ

● અનુસંધાન પહેલાનું ચાલુ

અચાનક આવનારા દુષ્કાળ સંખ્યાની રીતે નથી વધી રહ્યા પરંતુ સમય સાથે તેની ગતિ વધુ તેજ બની રહી છે. છેલ્લા ૨૦ વર્ષમાં આ પ્રકારના ૩૩થી ૪૬ ટકાના દુષ્કાળ ૫ દિવસમાં આવવા લાગ્યા છે. સામાન્યતઃ ૩૦ ટકાથી વધારે દુષ્કાળ માત્ર ૫ જ દિવસમાં વિકસે છે. જ્યારે બીજી બાજુ સામાન્ય દુષ્કાળના વિકાસમાં પથી ૬ મહિનાનો સમય લાગે છે જે જળવાયુના વિભિન્ન પરિબળોના સંયુક્ત પ્રભાવના કારણે વિકસે છે. જ્યારે વાયુમંડળમાં ભેજની ઉણપ, ઉચ્ચ તાપમાન, ઓછા વરસાદ અને વરાળના ઉચ્ચ દબાણની ઉણપના કારણે જમીનનો ભેજ ઘટવા લાગે છે.